## જન્મદિને વધામણી



**નયનાબેન પંકજભાઈ દેસાઈ**
નિવૃત્ત શિક્ષક, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગર
મો. ૯૮૯૮૭ ૧૫૭૮૨



**મેહુલ વ્યાસ**
પત્રકાર, ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૯૯૮૪ ૫૨૯૯૯



**કિરીટ પાઠક**
મો. ૯૩૨૭૧ ૧૨૨૧૨



**જિનય અલ્પેશ પટેલ**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગાંધીનગરમાં જામી દુર્ગાપૂજાની મોસમ







પુરબાશા કલ્ચરલ એસોસિએશન દ્વારા દુર્ગાપૂજા ઉત્સવનું આયોજન ગાંધીનગર ખાતે સતત ૨૯મા વર્ષે કરવામાં આવ્યું છે. સેક્ટર-૧૬ રંગમંચ ખાતે દુર્ગોત્સવ-૨૦૧૭નો પ્રારંભ ૨૬ તારીખથી કરવામાં આવ્યો છે, જે ૩૦ તારીખ સુધી કાયમ રહેશે. બુધવારે રાત્રે આ ઉત્સવ અંતર્ગત મ્યુઝીકલ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નગરના કલાકારોએ જૂનાં-નવાં હિન્દી ફિલ્મી ગીતો અને બંગાળી ગીતોની સુંદર રજૂઆત કરી હતી. ગુરુવારે મહિલા સશક્તિકરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. રંગોળી સ્પર્ધા અને શંખ વાદન સ્પર્ધા આ ઉપક્રમ અંતર્ગત યોજવામાં આવી હતી. પારંપરિક બંગાળી સાડીઓમાં સજ્જ મહિલાઓએ સમગ્ર માહોલ બંગાળમય બનાવી દીધો હતો.

# ગુજરાત દીપોત્સવી અંકનું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન

## ૩૩ અભ્યાસ લેખો, ૩૦ નવલિકા, ૨૦ વિનોદિકા, ૪ નાટિકા અને ૯૫ કાવ્ય રચનાઓનો આ વિશેષાંકમાં સમાવેશ કરાયો






ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૭૩નું વિમોચન કરતાં જણાવ્યું હતું કે, ઉત્સવો અને પર્વો વૈવિધ્યસભર જીવનના નવઉન્મેષ છે. પ્રકાશનું એક નાનકડું કિરણ ઘોર અંધકારને ભેદવા માટે પૂરતું છે. પ્રત્યેક તહેવારનું આગવું સૌન્દર્ય હોય છે. તહેવારો સંદેશો આપતાં હોય છે કે, જીવન ખૂબ સુંદર અને અણમોલ ઐશ્વરીય ભેટ છે. દિપાવલીનો પર્વ એ જ્ઞાન અને પ્રકાશ સાથે વિકાસનો સમન્વય સાધી આનંદની ત્રિવેણીનો અવસર છે. સૌ ગુજરાતીઓનો પ્રેમ અને આશીર્વાદ એ ગુજરાતની પ્રગતિનું ચાલક બળ છે એમ તેમણે તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ગુજરાત દીપોત્સવી અંક વિમોચન પ્રસંગે માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ અશ્વિનીકુમાર, માહિતી નિયામક નલિન ઉપાધ્યાય, અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલ, સંયુક્ત માહિતી નિયામક પુલક ત્રિવેદી તેમજ માહિતી ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઋગ્વેદની ઋચાને ટાંકતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, 'દીપાખ્ય જ્યોતિ પ્રકાશો...' આપણે દીવડાઓની જ્યોતિ બનીને જ્ઞાનપૂંજનો દેદિપ્યમાન પ્રકાશ રેલાવી ગુજરાતને ઉન્નતિ અને સમૃધ્ધિના માર્ગે આગળ ધપાવવાનો છે. દિવાળીનું પર્વ આપણા સૌ માટે અનેક રીતે મહત્વપૂર્ણ છે. ભૂતકાળમાંથી શીખીને આવનાર ભવિષ્યકાળની નવિનતાનું સ્વાગતના અવસરવેળાએ વિતેલા વર્ષનું અવલોકન કરી નૂતન વર્ષે જીવનકિતાબના નવા પ્રકરણનું આલેખન કરવા માટે આયોજન કરવાનો આ અદભુત ઉત્સવ છે. આપણે સૌની ગતિ ઊર્ધ્વગામી પ્રકાશ તરફની બની રહે તેવી શુભકામના સાથે ગુજરાતને કલ્યાણ રાજ્ય બનાવી નવી ઊંચાઈએ લઈ જવા સંકલ્પબદ્ધ બનવા મુખ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો.

રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષની આગવી પરંપરા અનુસાર સાહિત્ય કલા, ઈતિહાસ, સાંસ્કૃતિક વિરાસત, સંસ્કાર વારસાને ગુજરાત દીપોત્સવીના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવે છે. ગુજરાત દીપોત્સવી-૨૦૭૩માં ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકારોની સર્જનશીલ કલમે રજૂ થયેલા સાહિત્યની સૌરભથી વાચકમિત્રોનું મન પ્રફુલ્લિત બને તેવા ચિંતનાત્મક વિચારો વ્યક્ત કરતા અભ્યાસ લેખો, નવલિકાઓ, વિનોદિકાઓ, કાવ્યો, નાટકો, ચિત્રો અને તસવીરોનો રસથાળ પીરસવામાં આવ્યો છે. મુર્ધન્ય સાહિત્યકારો, ગુણવંતભાઈ શાહ, વિષ્ણુભાઈ પંડ્યા, જોરાવરસિંહ જાદવ, ભગવતીકુમાર શર્મા, મહંમદ માંકડ, વિનોદ ભટ્ટ, રઘુવીર ચૌધરી, રાજેન્દ્ર શુકલ જેવા લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યાકારોની સર્જનશીલ કલમે આલેખાયેલી સાહિત્યકૃતિઓ ગુજરાત દીપોત્સવી-૨૦૭૩માં પ્રસિદ્ધ કરાઈ છે. દીપોત્સવી અંક ૨૦૭૩ના દળદાર અંકમાં ૩૩ અભ્યાસ લેખો, ૩૦ નવલિકા, ૨૦ વિનોદિકા, ૪ નાટિકા અને ૯૫ કાવ્ય રચનાઓનો સમાવેશ કરવામા આવ્યો છે. ૭૨ જેટલી વિવિધ સુંદર અને આકર્ષક તસવીરો અને ચિત્રોથી દીપોત્સવી અંક - ૨૦૭૩ને વધુ નયનરમ્ય અને આકર્ષક બનાવવામાં આવ્યો છે.

## ગુજરાત દીપોત્સવી અંકમાં પુનઃ ગાંધીનગરનાં સર્જકોનો દબદબો

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત દીપોત્સવી અંકમાં પુનઃ એકવાર ગાંધીનગરનાં સાહિત્ય સર્જકોનો દબદબો જોવા મળ્યો છે. ૩૦થી વધુ સાહિત્યસર્જકોની કૃતિઓ આ અંકમાં સ્થાન પામી છે. દોલત ભટ્ટ, નટુભાઈ પરમાર, વી એસ ગઢવી, ડૉ. અશોક નારાયણ, શિવશંકર દવે, ઊજમશી પરમાર, કેશુભાઈ દેસાઈ, રાઘવજી માધડ, ભી ન વણકર, હરિકૃષ્ણ પાઠક, નિપુણ ચોકસી, કૃષ્ણ પંડિત, પ્રકાશ લાલા, દલપત પઢિયાર, ભાગ્યેશ જહા, ફિલીપ ક્લાર્ક, રમેશ ઠક્કર, કિશોર જીકાદરા, ભરત કવિ, અનંત પટેલ, કનૈયાલાલ ભટ્ટ, પ્રવીણ ગઢવી, ડૉ. પ્રદીપ આઝાદ, ધર્માભાઈ શ્રીમાળી, ડૉ. મુકેશ જોષી, ચંદ્રાબેન શ્રીમાળી, નટવર હેડાઉ, ભાનુપ્રસાદ પુરાણી, પ્રજ્ઞા પટેલ, અલતાફ પટેલ, સંજય થોરાત અને કુંતલ નિમાવતની વિવિધ કૃતિઓને ગુજરાતના દીપોત્સવી અંક-૨૦૧૭માં સ્થાન મળ્યું છે.




(૧) ભારતમાં એશિયાઈ બોક્સિંગ ચેમ્પિયનશીપનું આયોજન પ્રથમવાર કયા શહેરમાં થશે ?
(એ) દિલ્હી
(બી) હરિયાણા
(સી) ઉત્તર પ્રદેશ
(ડી) ગુવાહાટી

(૨) જાઓ લોરેંકોએ કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે?
(એ) અંગોલા (બી)સોમાલિયા
(સી) સીરીયા (ડી) લાઓસ

(૩) તાજેતરમાં કોણે શૌચાલય માટે સમર કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો ?
(એ) રાષ્ટ્રપતિ (બી) ઉપરાષ્ટ્રપતિ
(સી) રક્ષામંત્રી (ડી) ગૃહમંત્રી

(૪) ભારતીય નૌસેના દ્વારા કયા સ્થળેથી આઈએનએસ તારાસા જહાજનું જલાવરણ કરવામાં આવ્યું હતું ?
(એ) કોચીન (બી) વિશાખાપટ્ટનમ
(સી) કોલકાતા (ડી) મુંબઈ

(૫) તાજેતરમાં ઈન્ડિયન મોબાઈલ કોંગ્રેસનું ઉદ્‌ઘાટન કયા કેન્દ્રીય મંત્રીએ કર્યું હતું ?
(એ) મનોજ સિંહા (બી) રાજનાથ સિંહ
(સી) મનોજ તિવારી (ડી) નીતિન ગડકરી

(૬) આઈસિસિ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે જાહેર કરેલા નવા નિયમ મુજબ કયું વિધાન અસત્ય છે ?
(એ) ટી૨૦ મેચમાં એક બોલર બે જ ઓવર નાખી શકશે
(બી) ફિલ્ડરના હેલમેટ પર બોલ અથડાઈને કેચ થતાં આઉટ ગણાશે
(સી) અમ્પાયરને ધમકી આપવી ગુનો બનશે
(ડી) અમ્પાયર વાદળી કાર્ડ બતાવી ખેલાડીને ગેરવર્તન બદલ મેચમાંથી દૂર કરી શકશે

(૭) બીબીસી દ્વારા જાહેર કરાયેલી ૧૦૦ પ્રભાવશાળી મહિલાઓની યાદીમાં નીચે પૈકી કઈ મહિલાને સામેલ કરવામાં આવી છે ?
(એ) પ્રિયંકા ચોપરા (બી) મિતાલી રાજ
(સી) સાઈના નેહવાલ (ડી) હરપ્રીત સિંગ

(૮) ભારતી કુશ્તી સંઘના કયા કોચને તાજેતરમાં પોતાના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે ?
(એ) કૃપાશંકર પ્રસાદ (બી) કૃપાશંકર રાવ
(સી) કૃપાશંકર ફોગટ (ડી) કૃપાશંકર પટેલ

(૯) કઈ આઈપીએસ અધિકારીએ દુનિયાની આઠમી અને એશિયાની બીજી સૌથી ઊંચી પહાડચોટી માઉન્ટ મૈનાસ્લુ પર ફતેહ મેળવી છે ?
(એ) પનીર સેલ્વમ (બી) રાધા ચૌહાણ
(સી) અપર્ણા કુમાર (ડી) સુજુક્તા પરાસર

(૧૦)તાજેતરમાં દિલ્હી સ્થિત મેડમ તુષાદ મ્યુઝિયમમાં કયા ભારતીય ખેલાડીનું મીણનું પૂતળું મૂકવામાં આવ્યું છે ?
(એ) સચિન તેન્દુલકર (બી) મિલ્ખાસિંગ
(સી) મેજર ધ્યાનચંદ (ડી) કપિલ દેવ

# એકદમ શુદ્ધ - ચોખ્ખા લોકો નેતૃત્વમાં કેમ મળતા નથી ?




માનનીય શ્રી મોદીસાહેબે પ્રધાનમંત્રી બન્યા બાદ ભારતને સ્વચ્છ ભારત બનાવવાની એક જોરદાર, જરૂરી અને ઘણી જ ઉચિત ઝૂંબેશ જાહેર કરી જેને પૂરા દેશમાં પુષ્કળ સમર્થન પ્રાપ્ત થયું. કારણ કે ગંદકી અને ગરીબી જ જો ભારતની પહેચાન બને તો આપણું ભાવિ અતિશય કંગાળ થઈ જાય તેમાં કોઈ શંકા નથી. બહુધા ગંદકી સમાજના જીવનમાં લોહી સાથે, વિચાર સાથે જોડાઈ ગયેલી બાબત છે. સ્વચ્છતા નથી થતી એટલે વિવિધ બીમારીઓ વ્યાપક બની જાય છે. ચોમાસા અને દિપાવલી ઉપર જ રોગચાળાનો વ્યાધિ ખૂબ જ વધેલો જોવા મળે છે. સ્વચ્છતા એ દિવ્યતા પહેલાંનું જ પગથિયું હોય છે એટલે ગંદકીથી મુક્તિ મેળવવી એ પણ પ્રગતિના રાહ પર તદ્દન વ્યાજબી બાબત છે. અજ્ઞાનતાને લીધે આર્થિક સક્ષમતાના અભાવે આ ક્ષેત્રમાં લોકો ઘણી રીતે પીડાઈ રહ્યા છે. દિલ્હી રેલવે સ્ટેશનથી ગાડીમાં બેસી ગુજરાત તરફ આવો ત્યારે છેક હરિયાણાની સીમા સુધી રેલવે ટ્રેકની બંને બાજુ જે ગંદકી, ઝૂંપડપટ્ટી, હાલાકી જોવા મળે છે તે જોયા બાદ દિલ કંપી જાય છે! શું આવું રાષ્ટ્ર આપણું હોય ? અને હોય તો શું થઈ શકે ? આ પ્રકારનું મનોમંથન ત્યારે જ ચાલુ થઈ જતું હોય છે. સમસ્યાઓને ઓળખી તેનો સમયે ઈલાજ કરવો એ પ્રશાસનનો મુખ્ય એજન્ડા હોય અને તે જો કામ કરે તો સુધારણા શક્ય છે. ખૂબસુરત શહેરને બદસૂરત કરે છે આબાદી!




વસતી શહેરીકરણના લીધે ગામડાઓ તરફથી શહેરોમાં વહી જાય છે, તેથી પુષ્કળ પ્રશ્નો પેદા થઈ રહ્યા છે. મકાનો, વીજળી, પાણી, રસ્તા, હેલ્થ, શિક્ષણ, સુરક્ષા જેવાં ક્ષેત્રોમાં અજંપો, અકળામણ અને રોષ તેમાંથી જ ઊભો થાય છે. ચૂંટણી દ્વારા જનપ્રતિનિધિઓ સંસદ સુધી જાય છે પરંતુ લાગી રહ્યું છે કે દરેક પ્રકારની ચૂંટણીઓથી ભારતના સજ્જન-શિક્ષિત અને કાબેલિયત ધરાવતા લોકો દૂર જ રહે છે. એટલે શુદ્ધતા ત્યાંથી જ કપાઈ જતી જોવા મળે છે. રાજકારણ એટલે બધાં કારણોનું એક કારણ.

રાજકીય ક્ષેત્ર લાગે છે કે ધિકતો ધંધો બની ગયું હોય તેવું ક્ષેત્ર છે કે જ્યાં બચતોની લ્હાણી કરી કરીને સત્તા સુધી જઈ શકાય પછી લોકોની સામુહિક યાદદાસ્ત ટૂંકી જ હોય તેમ માનીને નવા નવા વિચારોના અમલીકરણમાં પ્રજાને રોકી રાખવી એટલે કામ પત્યું. પ્રશાસનની જવાબદારી વાસ્તવમાં પ્રજાના રાજા તરીકેની હોય છે. રૈયતને રાવ કરવાની જગ્યા રાજદરબાર હોય છે કે જ્યાં તેને સાંભળવામાં આવે પરંતુ લોકશાહીમાં હવે રાજા નથી કે નથી રાજ દરબાર પરંતુ કોર્ટના તબક્કાઓ ઉપલબ્ધ હોય છે. નવાઈની બાબત એ દેખાય છે કે સવાસો કરોડની વસતીવાળા આ આપણા દેશમાં પાંચસો યોગ્ય નેતૃત્વ કરી શકે તેવા વ્યક્તિઓ માટે તરસવું પડે છે! આવું શા માટે છે અને રાજકારણમાં દિવ્યતા લાવવા માટેના પ્રથમ પગથિયાંની ચિંતા શા માટે થઈ શકતી નથી ? આ મુખ્ય ચિંતાનો તથા ચિંતનનો વિષય લાગી રહ્યો છે. દાગી અને બાગી નેતાઓ જ શાસન ચલાવતા રહેશે કે તેની મરજીની જ કિંમત રહ્યા કરશે? એક સર્વે મુજબ નવી લોકસભામાં દર ત્રીજો સાંસદ ગુનાઈત ઈતિહાસ ધરાવે છે. નેશનલ ઈલેક્શન વૉચ ઍન્ડ ઍસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સે ૫૪૩માંથી ૫૪૧ સાંસદોના શપથપત્ર ચકાસીને સાબિત કર્યું છે કે કુલ ૧૮૬ અથવા ૩૪ ટકા સાંસદો સામે પોલીસના ચોપડે જુદા જુદા અપરાધો નાંધાયેલા છે. અગાઉ સુપ્રિમ કોર્ટ દ્વારા આ અંગે નોંધ કરવામાં આવી હતી. હવે પ્રશ્ન એ છે કે ગુનો જ્યાં સુધી સાબિત ના થાય ત્યાં સુધી પ્રશાસન શું કરી શકે? આ બધી કાનૂનની બાબતો છે એટલે આમ નાગરિક એમાં કશું જ કરી શકે તેમ નથી. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં અનેક નેતાઓ સામે ગંભીર ગુના સાબિત થઈ ગયા હોવા છતાં તેઓ સત્તા ભોગવી રહ્યા છે જે કાનૂનની દષ્ટિએ યોગ્ય નથી! જન લોકપાલ માટે ઘણી લડત ચાલી પરંતુ પ્રજા લોકશાહીમાં શું કરી શકે ? સમર્થ લોકોની વ્યાખ્યા કઈ કહેવાય અને રાજકીય સ્તરે શું સાચાની પીપુડી કોઈ સાંભળવા તૈયાર નથી ? ઈલેક્શન્સ માટેનાં કાયદાઓમાં જ કેમ એવી જોગવાઈઓ કરવામાં નથી આવતી કે આવા દાગી-બાગી લોકો તેમાં દાખલ જ ના થઈ શકે. આજ નહીં તો કાલે ભારતમતાં ડિજીટલ યુગ આવ્યો તે જ રીતે નીતિ અને નૈતિકતાની એરણમાં શુદ્ધ હશે તે લોકો જ આ ક્ષેત્રમાં સ્થાન પામી શકશે. કારણ કે આમાં તો વાડ જ ચિભડાં ગળે ત્યારે પીડા કોઈને કહી શકાતી નથી અથવા પીડાને સુખ માનવાની ધારણાને વ્યાપક કરતાં જવું એ શિરસ્તો થઈ ગયો હોય એવું લાગે છે. ન્યાય અને યોગ્ય પ્રતિભાવ માટે દેશનું નેતૃત્વ પણ ઉમદા, કર્મઠ અને તેજસ્વી, ઓજસ્વી હોવું અતિ આવશ્યક છે. દિપાવલી નજીક આવી રહી છે ત્યારે અપેક્ષા કરીએ કે જીવનમાં પાથરે તેવું નેતૃત્વ પ્રાપ્ત થાઓ.

**શેર આસ્વાદ**

સુખી થવાના સરળ બે માર્ગો -
ના અપેક્ષા, ના ઉપેક્ષા

દુઃખી થવાના પણ બે માર્ગો -
રોજ પ્રતિક્ષા, ને ભિક્ષા.